
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



તું મને ભાજી-મુળો સમજતી હતી ને... હવે ન સમજતી... આ મુળો સો રૂપિયે કિલોના ભાવે લાવ્યો....

# ઈકોના સાયલેન્સર ચોરી કરી તરખાટ મચાવતી ગેંગના ૩ સભ્યો ઝડપાયા

### એલસીબી-૨ પોલીસે કલોલ વિસ્તારમાંથી ત્રણ શખ્સોને ગાડી અને ૪ સાયલેન્સર સાથે ઝડપી પાડ્યા, કલોલ શહેર-તાલુકાના૧૪ સાયલેન્સર ચોરીના ભેદ ઉકેલાયા



**આરોપીઓના નામ**

- ઈલીયાસ ઉર્ફે ઈલ્લો અનવરભાઈ નુરમહંમદ મલેક (ઉં.-૩૨ ધંધો ડ્રાઈવીંગ રહે.કચેરી રોડ ખલકપુરા ધોળકા જી.અમદાવાદ)
- મહમદસજજાદ ઉર્ફે મકો મહમદસીદીક શેખ (ઉં.૨૩ ધંધો-નોકરી રહે. ધોળકા ખાતે આવેલ બેગા ટેકરી પોલીસ સ્ટેશન નજીક)
- વાહીદ ઈશ્માઈલ ઉર્ફે બેરો મુસાભાઈ વોરા (ઉં.૨૨ ધંધો-મુજરી રહે.ધોળકા ડેની સોસાયટી લક્કી ગેરેજ પાછળ મેનાબેન ટાવર રોડ ધોળકા)

**આરોપી પાસેથી કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ**

- એક સિલ્વર કલરની ટાટા વિસ્ટા ઈન્ડીકા ગાડી જી.જે.૧૩.એન.એન.--૦૨૨૫ કિં.રૂ.૧ લાખ
- ઈક્કો ગાડીના સાયલેન્સર નંગ-૪ કુલ કિં.રૂ.૨૦હજાર
- સાયલેન્સર ખોલવા માટેનું એક ધાતુનું પાનુ તેમજ એક પ્લાસ્ટીકના લીલા હાથાવાળુ ડીસમીસ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં વિવિધ જગ્યા પરથી ઈકો ગાડીના સાયલેન્સર ચોરી કરી હાહાકાર મચાવતી ટોળકીના ત્રણ સભ્યોને એલસીબી-૨ પોલીસે કલોલ આંબેડકર ત્રણ રસ્તા પાસેથી પકડી પાડ્યા છે. ગાડીમાં ચાર સાયલેન્સર સાથે પોલીસના હાથે ઝડપાયેલા ત્રણ શખ્સોએ કલોલ શહેર-તાલુકાના ૧૪ ઈકો સાયલેન્સર ચોરીના ભેદ ઉકેલાઈ ગયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા-શહેરી વિસ્તારમાં ઈકો ગાડીના સાયલેન્સર ચોરીની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી હતી. ગાડીના સમયે ઘર પાસે પાર્ક કરેલી ઈકોના સાયલેન્સરની ગણતરીની મિનીટોમાં ચોરી થઈ જતી હતી. ત્યારે સાયલેન્સર ચોરી કરતા શખ્સોને પકડવાની દિશામાં એલસીબી-૨ કાર્યરત હતી. તે સમયે ક્રાઈમ બ્રાંચના જવાનો હ્યુમન સોર્સિસ તેમજ ટેકનીકલ સર્વેલન્સને આધારે ચોરીનો ભેદ ઉકેલવા માટે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. ત્યારે હેડ કોન્સ્ટેબલ નરેશકુમાર વિરજીભાઈ, પોલીસ કોન્સ્ટેબલ નરેશ પરબતભાઈ અને સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ખાનગી રાહે બાતમી મળી હતી કે એક સિલ્વર કલરની ટાટા વિસ્ટા ગાડીમાં ત્રણ શખ્સો વાહનોના સાયલેન્સર લઈ શંકાસ્પદ જણાય છે અને તેઓ કલોલ હાઈ વે રોડ નજીક આંબેડકર ત્રણ રસ્તા પાસેથી પસાર થવાના છે.જેથી પોલીસે વોચ રાખતા બાતમીવાળી ટાટા કંપનીની વિસ્ટા ગાડી આવતા તેને કોર્ડન કરી રોકી ગાડીમાં બેઠેલા ત્રણ શખ્સોને ગાડીની સીટમાં રહેલા ચાર સાયેલન્સર સાથે પકડી પાડયા હતા. ત્યારબાદ પોલીસે ત્રણેય શખ્સોની યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા કલોલ શહેર તાલુકાના કુલ-૧૪ સાયલેન્સર ચોરીના ભેદ ઉકેલાયા છે. જયારે આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે વધુ તપાસ માટે કલોલ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સે. ૭ માં આજે રખડતા કૂતરા બાળકને કરડતા હોવાની ફરિયાદ ઉઠી છે.
- ગૃહ અને સહકાર મંત્રી અમીત શાહે આજે જિલ્લાના વિવિધ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.
- વિપક્ષના નેતાએ આજે હોદ્દો સંભાળતા પહેલાં ઓફિસમાં તેમજ સત્તાવાર નિવાસસ્થાને ગૃહ પ્રવેશ પહેલા ત્યાં પણ પૂજા કરાવી હતી.
- વિપક્ષના નેતાએ જ્યારે ચાર્જ સંભાળ્યો ત્યારે પ્રદેશના તમામ આગેવાનોએ લાલ કલર આદિવાસી સમાજની ટીપીકલ પાઘડી પહેરી હતી.
- જિલ્લાનું તંત્ર આજે વાયબ્રન્ટની તૈયારીઓ માટેની મિટીંગોમાં વધુ વ્યસ્ત રહ્યુ હતુ.
- મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે ઝુંડાલની ટી.પી.ની મુલાકાત લીધી હતી.
- સે. ૬ માં સંત રોહિદાસ મંદિર ખાતે આયુષ્યમાન ભારતના કાર્ડ કઢાવવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં હવે જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓનો સિલસિલો શરૂ થયો છે.
- સે. ૧૭ માં ડિવાઈડર કાઢી ફરી લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે તેની ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની તારીખો જાહેર કરી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશનમાં ૮ હજાર લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૬૩૦ લોકોને અને શહેરમાં ૧૩૭૪ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

## મા ઉમિયાધામ શિલાન્યાસ મહોત્સવમાં મંત્ર લેખનમાં શહેરની ૫૦ મહિલાઓ જોડાઈ



ચિલોડા, તા. ૧૪

માનું તેડું મા ઉમિયાધામ શિલાન્યાસ મહોત્સવ-સમિતિ અમદાવાદ સોલા ખાતે તા. ૧૧ થી ૧૩ મી ડિસેમ્બરના રોજ નવનિર્મિત 'મા ઉમિયાધામ' આર્થિક પાટનગર સોલા મા ઉમિયાધામ કેમ્પસ અને શ્રી ઉમિયા માતાજી મંદિરના શિલાન્યાસ મહોત્સવમાં ૫૧ કરોડ, શ્રી ઉમિયા શરણમ મમ મંત્ર લેખનની પોથીયાત્રામાં ગાંધીનગર સ્થિત ઉમા સંસ્થા પરિવારની ૫૦ બહેનોએ ઉમા સાડી પરિધાનમાં ૨૧૦૦૦ મંત્રલેખનની પોથી લઈને યાત્રામાં સુધાબેન એ. પટેલ તથા અન્ય મહિલાઓ શિલાન્યાસ મહોત્સવમાં ઉત્સાહભેર જોડાયા હતાં. આ યાત્રામાં ભાગ લઈ ધાર્મિક ધન્યતા અનુભવી હતી.

## નયના રંગવાળા પી.એચ.ડી. થયા



ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના અંગ્રેજી વિભાગમાંથી અધ્યાપિકા નયના રંગવાળાએ પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજનાં અને શહેરના જાણીતા તજજ્ઞ ડૉ. પ્રણવ જોશીપુરાના માર્ગદર્શન હેઠળ સાઉથ આફ્રિકન ઈન્ડિયન થિયેટર : અ સ્ટડી ઓફ સિલેકટ પ્લેયર્સ વિષય પર એમણે મહાનિબંધ લખીને પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે.

# ચિલોડા સર્કલમાં ટ્રક ઘુસી ગઈ, તેને ખસેડવા જતા ક્રેન પલ્ટી મારી ગઈ

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ખાતે આજે વહેલી સવારે ટ્રક ચાલકે કાબુ ગુમાવતા ટ્રક સર્કલમાં ઘુસી ગઈ હતી. અકસ્માતમાં ટ્રકના ચાર ટાયર વિખુટા પડી જતા તેને બહાર નીકાળવા માટે ક્રેન બોલાવવી પડી હતી. સોડીયમ કાર્બોનેટ સોડા એશ ભરેલી ટ્રક પુના તરફ જઈ રહી હતી તે સમયે મોટા ચિલોડા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતગ્રસ્ત ટ્રક નં. આર.જે.૧૯.જી.ઓ.-૨૦૧૪ ૨૦ ટન થી વધુ સામાન ભરેલો



હતો. જેથી ચાર ટાયર વિનાની સર્કલમાં ઘુસી ગયેલી ટ્રકને નીકાળવા માટે આવેલી ક્રેન પણ જોર લગાવતા સમયે પલ્ટી મારી ગઈ હતી. ત્યારબાદ બીજી ક્રેઈન બોલાવી ટ્રકમાં રહેલા વજનના થેલાને દુર કરાયા બાદ ટ્રકને સર્કલમાંથી ખસેડવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે અકસ્માતને પગલે સર્કલ પર ટ્રાફિકજામના દ્રશ્યો ના સર્જાય તે માટે પોલીસ અને હોમગાર્ડના જવાના હાજર રહીને ટ્રાફિક નિયમનની કામગીરી કરી હતી. આ બનાવમાં કોઈ જાનહાની કે ઈજા પહોંચી ન હતી.



## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૬૯ લાભાર્થીને ૧૧ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. છાત્રેશ્વરી અને વાંટડા તાલુકામાં જરૂરિયાતમંદોને ધાબળા, ચણા, મગ, દાળ, ચોખા, સાબુ, કોપરેલ, ચા, બિકીટ વિગેરે ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં રાજેશ્વરીબેન ઠકકર, તેમના દિકરી, મહર્ષિ, વિપુલ તથા મિલિન્દભાઈ દ્વારા સાથે રહી સેવા કાર્ય કરવામાં આવ્યું હતું.



છેલ્લા ત્રણ માસ દરમ્યાન અવસાન પામેલા સ્વજનોના અસ્થિઓનું ગંગા કિનારે શાસ્ત્રોક્ત વિધિથી વિસર્જન કરવામાં આવ્યુ હતુ. જુનિયર સિટિઝન્સ કાઉન્સિલના સ્વયંસેવકો આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## કવિ શૂન્ય પાલનપુરીની જન્મ શતાબ્દીએ કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૧૪

સાહિત્યપ્રેમી નથમલ તાપડિયાના સહયોગથી ઓમ કોમ્યુનિકેશન દ્વારા ૧૯મીના રોજ કવિ સંમેલનનું આયોજન કરેલ છે. જે સાંજે ૫.૩૦ કલાકે રા.વિ. પાઠક સભાગૃહ સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાનાર છે. આ કવિ સંમેલનમાં કવિ માધવ રામાનુજ, હર્ષ બ્રહ્મભટ્ટ, તુષાર શુકલ સ્વરચિત કવિતાનો પાઠ કરશે. આ કવિ સંમેલનનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી કરશે. આ પ્રસંગે કવિતાના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા માટે કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

# ગુજરાતના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના પેવિલીયનને "બેસ્ટ પેવેલિયન એવોર્ડ"

### ગોવા ખાતે યોજાયેલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ-૨૦૨૧માં ગુજરાતના પેવેલિયનની ડિઝાઇન "વિજ્ઞાનમાં સર્જનાત્મકતાની ઉજવણી" થીમ આધારિત હતી.

ગાંધીનગર , તા.૧૪

તાજેતરમાં ગોવા ખાતે યોજાયેલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ-૨૦૨૧માં ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ગુજરાત પેવેલિયનને આઈઆઈએસએફ-૨૦૨૧ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કન્સેપ્ટ્યુલાઈઝ્ડ પેવેલિયનથી નવાજવામાં આવ્યું છે, જે 'વિજ્ઞાનમાં સર્જનાત્મકતાની ઉજવણી'ની થીમ પર ડિઝાઈન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ગુજરાત સરકારના શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજીના મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે હ્લઅમે વિજ્ઞાન અને ટેકનોલોજી સુલભ અને સરળતાથી છેવાડાના માણસ સુધી ઉપ્લબધ્ધ કરવા માટે કટીબધ્ધ છીએ. અમે વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ કે જ્યાં બાળકો અને સામાન્ય નાગરિકો શિક્ષણ ક્ષેત્રે આગળ વધી શકે અને ભવિષ્યમાં અવિશ્વસનીય સિધ્ધિઓ હાંસીલ કરવા માટે સમર્થવાન બનેહ્વ

આઈઆઈએસએફ-૨૦૨૧ની ૭મી આવૃત્તિનું આયોજન ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ તથા વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય અને ગોવા સરકાર દ્વારા કરવામાં





આવ્યું હતું જેનું આયોજન તા.૧૦થી ૧૩ દરમિયાન ઓનલાઈન તથા ઑફલાઈને માધ્યમથી કરવામાં આવ્યું હતું.આઈઆઈએસએફ-૨૦૨૧ કાર્યક્રમમાં સમગ્ર દેશભરમાંથી ૨૫૦ કરતાં વધુ સંસ્થાઓની ભાગીદારી તેમજ , ૧૭૭ સ્ટોલ સાથે મેગા સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને ઈન્ડસ્ટ્રી એક્સ્પોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુજરાત પેવેલિયનમાં ડીએસટી અંતર્ગત આવેલ સંસ્થાઓ ગુજકોસ્ટ, સાયન્સ સિટી, જીએસબીટીએમ, આઈએસઆર, જીઆઈએલ, જીબીઆરસી ડિરેક્ટોરેટ ઑફ આઈસીટી અને ઈ-ગવર્નન્સ અને ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક સહિતના તમામ વિભાગોના ઈન્ફોગ્રાફિક પેનલ્સ, પ્રદર્શનો, મલ્ટીમીડિયા પ્રસ્તુતિ કરવામાં આવ્યાં હતાં. પ્રોગ્રામ સમયગાળા દરમિયાન ડીએસટી ગુજરાત પેવેલિયન ખાતે વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિકો અને ઈનોવેટર્સ દ્વારા લાઈવ ટેકનોલોજી નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન એને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ વિજય નેહરા દ્વારા આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું કે, વિજ્ઞાન એને ટેકનોલોજી, ગુજરાત રાજ્યમાં નવીનતા શાસન અને સાહસનું સંકલન છે. વિજ્ઞાન એને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, રાજ્ય માં વૈજ્ઞાનિક સમજ, વૈજ્ઞાનિક શિક્ષણ, સંશોધન એન્ડ વિકાસ માટે ઉત્કૃષ્ટ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરી રહ્યું છે એન્ડ વૈજ્ઞાનિકો અને ઉદ્યમીઓને આત્મનિર્ભર ભારત માટેના વિવિધ પડકારોનો સામનો કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે.

ગુજકોસ્ટ દ્વારા સંકલિત અને ક્યુરેટેડ, ડીએસટી ગુજરાત પેવેલિયન તમામ ઉંમરના નાગરિકો માટે વિવિધ સર્જનાત્મક અને નવીન વિજ્ઞાન કાર્યક્રમો, પ્રચાર અને પ્રસાર તેમજ સંશોધન પ્રવૃત્તિઓ દ્વારા અજાયબી અને સામાજિક વિકાસ જવાબદારીની ભાવના કેળવીને કુદરતી વિશ્વની વધુ સારી સમજણ માટે ઉપયોગી બને તે રીતે બનાવવામાં આવેલ હતું.


રાજ્ય સરકાર દ્વારા જનહિતમાં જારી...

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂ.૫૦,૦૦૦ની સહાય જોગ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, રાજ્યમાં કોવિડ-૧૯ થી મૃત્યુ પામેલના વારસદારોને ભારત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની માર્ગદર્શિકા અનુસાર રૂ. ૫૦,૦૦૦/ની સહાય (Ex-gratia assistance) આપવાનું ઠરાવેલ છે. જે અન્વયે આવા કોવિડ-૧૯થી મૃતકના વારસદારોને ઘરેબેઠા ઝડપી અને સરળતાથી સહાય મળી રહે તે માટે મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

www.iora.gujarat.gov.in પોર્ટલના હોમપેજ ઉપર Covid-19 Ex-gratia payment પર ક્લિક કરવાથી આ મુજબની www.iora.gujarat.gov.in/Cov19_login.aspx લિંક પરથી ઓનલાઈન અરજી કરી શકાશે.

આ પોર્ટલ ઉપર મોબાઇલ/કોમ્પ્યુટરથી OTP જનરેટ કરી નીચે મુજબના કોઈ પણ એક પુરાવો અપલોડ કરી અરજી કરવાની રહેશે.

- RT-PCR
- રેપીડ એન્ટીજન
- મોલેક્યુલર ટેસ્ટ
- કોવિડ-૧૯ની તબીબી સારવાર/નિદાનના આધારની નકલ
- ફોર્મ-૪ / ફોર્મ-૪-A

આ સિવાય નીચે મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

- મૃતકના મરણ પ્રમાણપત્રની નકલ
- વારસદારોનું સોગંધનામુ
- સહાય મેળવનાર વારસદારની બેંક પાસબુક/ક્રોસ ચેકની નકલ

આ સિવાય, સબંધિત મામલતદાર કચેરી કે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રૂબરૂ(ઓફલાઇન) અરજી પહોંચાડીને પણ અરજી કરી શકાશે.

અરજદાર/મૃતકના વારસદારને જો અરજીના નિર્ણય સામે વાંધો કે ફરીયાદ હોય તો નીચે જણાવ્યા મુજબની ગ્રીવન્સ રી-ડ્રેસલ સમિતિમાં ઓનલાઈન www.iora.gujarat.gov.in પોર્ટલ ઉપર અથવા રૂબરૂ કલેકટર કચેરી/મહાનગરપાલિકા કચેરીમાં અરજી કરી શકાશે.

-: મહાનગરપાલિકા વિસ્તાર માટે :-

- નાયબ મ્યુનિસીપલ કમિશનર(હેલ્થ) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- હેલ્થ ઓફીસર(MOH) સંબંધિત મહાનગરપાલિકા (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ,મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

-: મહાનગરપાલિકા સિવાયના વિસ્તાર માટે :-

- નિવાસી અધિક કલેક્ટર (RAC) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

આ સિવાય પોર્ટલ સંબંધિત ઓનલાઇન અરજી કરવા બાબતે જરૂરી માર્ગદર્શન મેળવવા સારૂ હેલ્પલાઇન નં. ૧૦૭૭ અને સ્ટેટ કંટ્રોલરૂમ નં. ૦૭૯-૨૩૨૫૧૯૦૦ ઉપર સંપર્ક કરી શકાશે.

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.